શહેરમાં આજે બ્રહ્મસમાજ દ્વારા ભગવાન પરશુરામની જયંતિ નિમિત્તે ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. સે-૨૨ પંચદેવ મંદિરથી સવારે ૯ કલાકે પરશુરામજીની યાત્રા નીકળી હતી. યાત્રાનુ ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યુ હતું. નગરયાત્રામાં સમાજના યુવાનો સહિત આગેનાનો મોટી સંખ્યામાં જોડાયા હતા. (તસવીર : દિપક જાની)

વડીલોને વંદન અભિનંદન

વિઠ્ઠલભાઈ સેંધીભાઈ પટેલ
(૧૯૪૨) ફોન: ૨૩૨૨૯૫૩૦

આજથી રાજ્યમાં કૃષિ મહોત્સવનો પ્રારંભ : સેમીનારો એક્ઝીબીશનો યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાજ્યના મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે આજે મોડાસા ખાતેથી કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

રાજ્યમાં કૃષિક્ષેત્રમાં લોકભાગીદારીથી ગ્રામ્યકક્ષાએ આધુનિક ઓજારો કૃષિ પદ્ધતિઓ, જળ સંચય અને વીજળી સંચયના કાર્યક્રમો ખેડૂતો સુધી પહોંચે તે માટે રાજ્ય સરકારનો આગવો અભિગમ રહ્યો છે અને તેના ભાગરૂપે રાજ્યમાં રાજ્ય સરકાર દ્વારા કૃષિ મહોત્સવનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

રાજ્યમાં આજથી કૃષિ મહોત્સવનો પ્રારંભ થવા પામ્યો છે. જિલ્લા પંચાયતની સીટ પ્રમાણે સેમીનાર અને એક્ઝીબીશન કમ સેલ્સના કૃષિ કાર્યક્રમનું આયોજન કરવાનું રહેશે. દરેક કાર્યક્રમ માટે રૂ. બે લાખની મર્યાદામાં આયોજન કરવામાં આવશે. સેમીનારના કાર્યક્રમનો સમય સવારે ૮.૩૦ વાગ્યાથી બપોરના ૧૨.૩૦ વાગ્યા સુધીનો રહેશે. જ્યારે એક્ઝીબીશન બે દિવસ સુધીનું રહેશે.

કૃષિ મહોત્સવના સ્થળે બીજ વેચાણ માટે, કૃષિ વૈજ્ઞાનિક દ્વારા માર્ગદર્શન પ્રશ્નોનું નિરાકરણ વિગેરે માટે કૃષિ અને સંલગ્ન ખાતાના સ્ટોલ, જિલ્લા દૂધ સહકારી સંઘના સ્ટોલ ઉભા કરવામાં આવશે. કાર્યક્રમના સ્થળ ઉપરના પ્રદર્શન-કમ વેચાણ કેન્દ્ર ઉપર ગુજરાત રાજ્ય બીજ નિગમ દ્વારા ડીલરો મારફતે ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ બિયારણનું વિતરણ કરવાનું રહેશે. ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન દ્વારા ડીલરો મારફતે ખેડૂતોને વિવિધ યોજનાઓ હેઠળ માઈક્રો ન્યુટ્રીયન્ટ નિંદામણ નાશક દવાઓ લીકવીડ બાયો ફર્ટીલાઈઝરનું વિતરણ કરવાનું રહેશે.

હિંમતનગરમાંથી બાઈક ચોરી

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જીલ્લાના મુખ્ય મથક હિમતનગર ના છાપરિયા વિસ્તારમાં આવેલ ગુહાઇ કોલોની માં રહેતા ધીરસિંહ અમરસિંહ પરમારે પોતાનું ૧૭ મી એપ્રિલની રાત્રીના સમયે પોતાનું બાઈક હિરોહોન્ડા નંબર જીજે-૯ સીએમ ૪૪૮૪ ની ઘર આગળ પાર્ક કરી હતી જેની કોઈ ચોરી કરી લઇ જતા હિમતનગર એડીવીઝન પોલીસ મથકે રવિવારે ફરિયાદ નોધાવી હતી .

કલ્યાણપુરા ગામ નજીક કેનાલ પરથી ડીઝલ મશીનની ચોરી

હિંમતનગર, તા.૨૦

સાબરકાંઠા જીલ્લાના ઇડર તાલુકાના કલ્યાણપુરા ગામની સીમમાં આવેલ કેનાલ પર ગામના રામલાલ શિવલાલ બારોટનું ખેતરમાં પાણી વળવા માટે મુકેલ રાજકોટીયુ મશીન રૂ.૮ હજાર નું અને તેમની બાજુમાં અન્ય એક મશીનના સ્પેર પાર્ટસ રૂ ૫૫૦૦ ના મળી કુલ રૂ ૧૩૫૦૦ ની મત્તાની ૧૭ મી એપ્રિલની રાત્રીના સમયે કોઈ અજાણ્યા ઇસમો ચોરી કરી લઇ ગયેલ જે અંગે રવિવારે જાદર પોલીસ મથકે ફરિયાદ નોધાવી હતી.

ઉનાળાની કાળઝાળ ગરમીથી બજારમાં ટોપીઓનું વેચાણ પણ ગરમી પકડ્યું છે.
(તસવીર : કશ્યપ નીમાવત)

પાલનપુરનું સદભાવના ગૃપ હવે ગરીબ દર્દીઓના વ્હારે

પાલનપુર, તા.૨૦

રાત્રી ના સમયે દર્દીઓ ને દવાખાને જવામાટે સદભાવના ગ્રુપ દ્વારા નીસુલ્ક વ્યવસ્થા કરવામાં આવશેઆ સેવાના ભાગરૂપે આગામી સમયમાં પાલનપુર શહેર માં રાત્રી ના સમયે ૩ ઓટોરિક્ષા શહેરની મધ્યમાં ગુરુનાનક ચોક વિસ્તાર માં કાર્યરત રહેશે. અને આ રિક્ષાના ડ્રાઈવર ને ફોન કરતા ની સાથે જ દર્દીના ઘરે કહ્યા મુજબના સરનામે રીક્ષા પહોચી જશે અને જે તે દવાખાને યોગ્ય સારવાર કરાવ્યા બાદ ઘરે પણ મુકવા જશે. અને ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે આ રિક્ષાનું ભાડું દર્દી પાસે લેવામાં નહી આવે.

આ સેવાકીય શરુ કરવાનો ખાસ હેતુ ગરીબ ઘરના દર્દીઓ કે જેમના ઘરે પોતાનું વાહન નથી હોતું તેમને રાત્રી સમયે દવાખાને પહોચવા અને યોગ્ય સારવાર મેળવવા માં મદદરૂપ થવા માટે નો છે

સોનાસણની યુવતીને ત્રાસ આપતા છ સાસરીયા વિરૂદ્ધ ફરિયાદ

હિંમતનગર, તા.૨૦

પ્રાંતિજ તાલુકાના સોનાસણ ગામની એક યુવતીના લગ્ન ગાંધીનગર જિલ્લાના છાલા ગામે કરાયા હતા. દરમિયાન છેલ્લા ૧૪ વર્ષથી પતિ, સસરા, સાસુ સહિત અન્ય છ જણા અવારનવાર રૂા.૧ લાખનું દહેજ માગીને શારીરિક અને માનસિક ત્રાસ આપતા હતા. જેથી યુવતીએ સોમવારે છ સાસરીયા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગેની વિગત એવી છે કે સોનાસણ ગામના રંજબેન ચમારના લગ્ન છાલા ગામના કિર્તીભાઈ બાબુભાઈ ચમાર સાથે કરાયા હતા. દરમિયાન છેલ્લા ૧૪ વર્ષથી રંજનબેનને તેમના પતિ, સસરા બાબુલાલ, સાસુ સોનીબેન, નણંદ ગુણવંતીબેન, મીનાબેન તથા સરોજબેન દ્વારા અવારનવાર પિતાના ઘરેથી રૂા.૧ લાખ લઈ આવવા માટે દબાણ કરાતુ હતું અને જાનથી મારી નાખવાની ધમકી અપાતી હતી. જેથી કંટાળીને રંજનબેને સોમવારે પતિ સહિત છ સાસરીયા વિરૂધ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

પ્રદેશ કોંગ્રેસમાં આંતરીક જુથવાદ સપાટી પર આવે છે

પ્રદેશ સંગઠ્ઠન માળખામાં તોળાતા ધરખમ ફેરફારો

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં પદ મેળવવાને લઈને આંતરીક જુથવાદ વકરીને બહાર આવી રહ્યો છે. જેને લઈને પ્રદેશ નેતાગીરી ચોંકી ઉઠી છે.

કોંગ્રેસ વર્તુળો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના નવા અધ્યક્ષ તરીકે ભરતસિંહ સોલંકીની વરણી કરવામાં આવી છે. તેઓએ તેમના નવા હોદ્દાનો પદભાર સંભાળીને સંગઠ્ઠન માળખાને મજબૂત કરવા માટેના પ્રયાસો શરૂ કર્યા છે. જો કે પક્ષમાંથી જ લઘુમતી સમાજના આગેવાનો દ્વારા સમાજને પ્રતિનિધિત્વ આપવા માટેની માંગણીઓ શરૂ કરતાં આંતરિક કલહ બહાર આવવા પામ્યો છે.

તો બીજી બાજુ એસ.સી.-એસ.ટી.ને પણ પક્ષમાં મહત્વના હોદ્દાઓ આપવા માટે પણ આગેવાનો દ્વારા માંગણી ઉઠવા પામી છે. કોંગ્રેસ મોવડીમંડળ રાષ્ટ્રીય કક્ષાએથી લઈને પ્રદેશ કક્ષા સુધી સંગઠ્ઠન માળખાઓમાં ધરખમ ફેરફારો કરવા માટે વિચારણા કરી રહ્યું છે. ત્યારે જ ગુજરાત કોંગ્રેસમાં વિવિધ સમાજના આગેવાનો દ્વારા તેમના સમાજને સંગઠ્ઠનમાં મહત્વના હોદ્દાઓ આપવા માટેની માંગણીઓ શરૂ કરતાં પ્રદેશ કોંગ્રેસમાં આંતરકલહ ખુલ્લીને બહાર આવ્યો છે.

પ્રદેશ અધ્યક્ષે એક તરફ આગામી દિવોસમાં આવનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની તૈયારીમાં કામે લાગી જવા આહ્વાન કર્યુ છે ત્યારે પ્રદેશના જ કેટલાક આગેવાનો દ્વારા સંગઠ્ઠનમાં પુરતુ પ્રતિનિધિત્વ ન મળતું હોવાની લાગણી વ્યક્ત કરીને નારાજગી વ્યક્ત કરી છે. જેની સીધી અસર આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પડે તેવી શક્યતા સેવાઈ રહી છે.

બનાસ ડેરી ખાતે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

પાલનપુર, તા.૨૦

બનાસ ડેરીના આદ્યસ્થાપક સ્વ. ગલબાભાઈ નાનજીભાઈ પટેલે રોપેલા સંસ્કારોના રાહ પર ચાલનાર અને છેલ્લા અઢી દાયકાથી બનાસ ડેરીને સ્થાયી, પારદર્શક અને દુરંદેશી નેતૃત્વ પુરુ પાડનાર ચેરમેન પરથીભાઈ ભટોળનો ૭૧મા જન્મદિવસની શુભેચ્છા પાઠવવા બનાસ ડેરી પરિવારે બ્લડ ડોનેશન કેમ્પ અને શુભેચ્છા કાર્યક્રમ તા. ૧૮/૦૪/૨૦૧૪ના રોજ ૧૫:૦૦ કલાકે ગલબાભાઈ ડેરી સહકારી તાલીમ કેન્દ્રમાં આયોજિત કર્યો હતો.

આ ૨૫મા બ્લડ ડોનેશન કાર્યક્રમનું અધ્યક્ષ સ્થાન બનાસ ડેરીના માન. ચેરમેન પરથીભાઈ ભટોળે શોભાવ્યું હતું. આ કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામા આવી હતી. ડૉ. હરિભાઈ પટેલ (મેનેજર ડી.એચ.) એ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવેલ કે, આવા કાર્યક્રમો દ્વારા તાલીમાર્થીઓમાં પણ સેવાકીય ભાવનાનો ઉદય થાય છે અને તેઓ સાચા અર્થમાં સમાજને ઉપયોગી થઈ શકે છે.

બનાસ ડેરીના મેનેજિંગ ડિરેક્ટરશ્રી સંજય કરમચંદાની, મુખ્ય મહેમાન ડૉ. સુરેન્દ્ર ગુપ્તા અને ઉચ્ચ અધિકારીઓએ ચેરમેન પરથીભાઈ ભટોળને જન્મદિવસની શુભેચ્છા પુષ્પ ગુચ્છ અર્પણ કરી પાઠવી હતી.

આ પ્રસંગે ડૉ. સુરેન્દ્ર ગુપ્તા પણ ખાસ ઉપસ્થિત રહી બધાને રક્તદાન કરવા પ્રેરણા આપી હતી.

સમારોહના અધ્યક્ષ સ્થાનેથી ઉદબોધન કરતા પરથીભાઈ ભટોળએ જણાવેલ કે, આપણે રક્ત દાન કરીને કોઈની મહામુલી જિંદગી બચાવી શકીએ છીએ. રક્તદાન એ મહાદાન છે, સાચું રક્તદાનનું મહત્વ તો તેને જ સમજાય, જેને ક્યારેક લોહીની જરૂર પડી હોય. આપણે સમાજ માટે કંઈક કરવાની ભાવના હોય તો રક્તદાન એ એક મહા સમર્પણ છે અને સમયાંતરે આપણે રક્તદાન કરતા રહેવું જોઈએ.

આ પ્રસંગે બનાસ ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓ તથા તેમના પરિવારજનો અને તાલીમાર્થીઓ ઉપસ્થિત રહી ૭૧ બોટલ રક્તદાન કરી આ ઉમદા કાર્યમાં સહભાગી બન્યા હતા.

રતનપુરમાં અગમ્ય કારણોસર દાઝી જતા મહિલાનું મોત

હિંમતનગર, તા.૨૦

ખેડબ્રહ્મા તાલુકાના રતનપુર ગામે ગુરૂવારે એક મહિલાએ અગનપછેડી ઓઢીને મોતને વ્હાલુ કર્યા અંગેની ફરિયાદ રવિવારે ખેરોજ પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ રતનપુર ગામે ગુરૂવારે સપનાબેન સંગ્રામભાઈ ગમારને (ઉવ.૨૦) અગમ્ય કારણોસર લાગી આવતા પોતાના શરીરે કેરોસીન છાંટી આત્મહત્યાનો પ્રયાસ કરતા દાઝી ગયા હતા. જેથી તેણીને સારવાર માટે ૧૦૮ મારફ્તે ખેડબ્રહ્મા સિવિલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડવામાં આવ્યા હતા. જયાં રવિવારે સારવાર દરમિયાન મૃત્યુ થતાં સિવિલના મેડીકલ ઓફીસર આર.કે. વર્માએ આ અંગેની ફરિયાદ ખેરોજ પોલીસ સ્ટેશનમાં કરતા ખેરોજ પો.સ.ઈ. સી. વી. નાયકે ફરિયાદના આધારે વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાંતિજમાં ધોળે દિવસે દુકાન આગળ મુકેલુ પાર્સલ ચોરાયું

અંદાજે ૬૦ હજારની માલની ચોરી : ટ્રાન્સપોર્ટમાં આવેલ પાર્સલ દુકાનના ઓટલા ઉપરથી કોઈ ઉઠાવી ગયું

પ્રાંતિજ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે આવેલ મેઈન બજારમાંથી ભર બપોરે એક વેપારીના દુકાનના ઓટલા ઉપરથી કપડાનું અંદાજે રૂપિયા ૬૦ હજારનું પાર્સલ કોઈ અજાણ્યા ઈસમો ચોરી ગયા હતા.

મળતી માહિતી મુજબ પ્રાંતિજ બજાર સોનીવાડા નાકા નવરાત્રી ચોક પાસે આવેલ બાલાજી ફેમિલી શૉરૂમની દુકાન આગળ સવારે અમદાવાદથી ટ્રાન્સપોર્ટમાં આવેલ સાડીઓ ભરેલ પાર્સલ વેપારીએ સવારે દુકાન ખોલતા દુકાન આગળ સાઈડમાં મુકી દુકાન ખોલી સાફ સફાઈ કરી હતી. સવારથી જ લગ્નની મોસમ પૂરબહારમાં ખીલી હોવાથી ગ્રાહકોની અવરજવર ચાલુ થતાં બપોર સુધી પાર્સલ અંદર લીધુ નહતુ અને બપોર પછી ગ્રાહકોની ભીડ હળવી થતાં તેને ટ્રાન્સપોર્ટમાં આવેલ માલ યાદ આવતાં તે દુકાનની બહાર ઓટલા ઉપર જોતાં પાર્સલ નજર ના આવતા તે આમતેમ જોઈ હાફડો ફાફડો થઈ ગયો હતો. અંદાજે રૂપિયા ૬૦ હજારની કિંમતનું સાડીઓનું પાર્સલ આજુબાજુ કે કોઈ જગ્યાએ નજર ન આવતાં તેને ખ્યાલ આવ્યો કે કોઈ અજાણ્યા ચોર ઈસમો આખુંયે આખું પાર્સલ ભર બપોરે ઉઠાવી ગયા છે. આ અંગેની ફરિયાદ કે જાણ પ્રાંતિજ પોલીસસ્ટેશનમાં બપોર સુધી કરવામાં આવી નથી. તેવું પ્રાંતિજ પીએસસો મોહનભાઈ દ્વારા જાણવા મળ્યું હતું. અવારનવાર ભરબપોરે આવી નજર સમક્ષ ચોરીઓ તથા લોકો અવનવી ઢબથી છેતરાતાં હોય છે. પણ પોલીસના લફરા કે પોલીસના ઉલટ સુલટ સવારના લીધે પોલીસને જાણ કરવામાં આવતી નથી જેથી પોલીસસ્ટેશન સુધી આવી નાની મોટી ચોરીઓ પહોંચતી નથી અને આ કારણે આવાં ભેજાબાજો ચોર ઈસમોને ફાવતુ મળી જાય છે.

હિંમતનગરમાં પરશુરામ જન્મજયંતિની ઉજવણી

હિંમતનગર, તા.૨૦

હિંમતનગરમાં સોમવારે બ્રહ્મ સમાજના અને પરશુરામ યુવા મંડળના અગ્રણીઓ દ્વારા પરશુરામ ભગવાનની જન્મ જયંતિની ઉજવણી શસ્ત્ર સાથે શાસ્ત્ર પૂજા કરી કરવામાં આવી હતી. શહેરના છાપરીયા વિસ્તારમાં સોમવારે પરશુરામ ભગવાનની જન્મ જયંતિ નિમિત્તે યુવા બ્રહ્મ સમાજના આગેવાનોએ શસ્ત્ર સાથે શાસ્ત્રની પૂજા કરી હતી. જેમાં બ્રહ્મ સમાજના આગેવાનો ઉપરાંત યુવા અગ્રણીઓ જોડાયા હતા. ભગવાન પરશુરામ જન્મ જયંતિની ઉજવણી પ્રસંગે ભાજપના કાર્યાલય મંત્રી અતુલ સોમપુરા, સર્વાનંદ ભટ્ટ, હરિહરભાઈ વ્યાસ, નિતીનભાઈ વ્યાસ, જયંત જોષી, બકુલ પંડયા અને અતુલભાઈ દિક્ષીત સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શબ્દાવલી - ૫૭૦૭



આડી ચાવી

૧. આકાશ, નભ (૪)
૪. જુતા, ચાખડી (૩)
૬. બાતલ, કેન્સલ (૨)
૭. તેલની એક જાત (૪)
૮. મીઠુ, સબરસ (૩)
૧૧. પાન રાખવાની ડબ્બી (૪)
૧૩. નાગ, સર્પ (૨)
૧૫. ઘવાયેલ (૩)
૧૬. માઠી અસર, સ્થિતિ (૨)
૧૭. પરવા (૨)
૧૮. ગુલામ (૩)
૨૦. નાના છોકરાનો મધુર અવાજ (૪)
૨૧. બગલથેલો (૩)

ઊભી ચાવી

૧. પારદર્શક, આ પારથી પેલે પાર (૪)
૨. આઘાત, દુઃખ (૩)
૩. ચક્ષુ, આંખ (૩)
૪. ગાંડો, મેન્ટલ (૩)
૫. વજુદ, હેતુ, ઉદ્દેશ (૩)
૯. સાવન, બરસાત (૪)
૧૦. પ્રખ્યાત, પોપ્યુલર (૪)
૧૧. કંગાલ, પોપ્યુલર (૪)
૧૨. ... અને નીલ નામના વાનરોએ શ્રીરામને સેતુબંધમાં મદદ કરી (૨)
૧૪. ચોકિયાત, રખેવાળ (૪)
૧૫. ક્રૂર, ખાટકી (૩)
૧૮. કઢી, એકવાનગી (૨)
૧૯. માછલુ (૨)

શબ્દાવલી ૫૭૦૬ના જવાબ

આડી ચાવી :- (૧) કોહવાટ (૪) ઘસ (૬) કીરણ (૭) અવસાદ (૯) અફલાતૂન (૧૦) કંથ (૧૨) લવાદ (૧૩) ઠીકઠાક (૧૪) ગ્રીવા (૧૬) મક્કાર (૧૮) ખડતલ (૨૦) તમાકુ (૨૨) માકડુ (૨૩) પક્ષી

ઊભી ચાવી :- (૧) કોકીલ કંઠી (૨) હર (૩) વાણ (૪) ઘસાતુ (૫) સદન (૭) અફવા (૮) વલાદ (૯) અલકમલક (૧૧) થકવાડ (૧૫) વામકુક્ષી (૧૭) રત (૧૮) ખત (૧૯) તમા (૨૧) માપ

હીટવેવ યથાવત

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતી. આખુ શહેર સુમસામ લાગતુ હતુ.

ભારે ગરમી અને રજાની અસર જનજીવન પર સ્પષ્ટપણે જોવા મળી હતી. શહેરના માર્ગો અને સેક્ટરોના આંતરિક વિસ્તારો એકદમ સુમસામ બની ગયા હતા. ગઈકાલ રાતથી જ ભારે બફારો અનુભવાતો હતો. ફુલસ્પીડે ફરતા પંખાઓ જાણે વ્યર્થ જ ફરી રહ્યા હોય તેવું લાગતું હતુ. એસી અને કુલર સહેજ રાહત આપતા હતા. ગઈકાલે રાત્રે લઘુત્તમ તાપમાન ૨૭.૦ ડિ.સે. જેટલું ઉંચુ નોંધાતા વસાહતીઓ પરસેવે રેબઝેબ બન્યા હતા. ઘરમાં તો જાણે જરાય ચેન પડતુ ન હતુ. ગઈકાલે રવિવાર હોવાથી અને સાથે જ આકરી ગરમી હોવાથી ઘણા વસાહતીઓ સાંજ પડતા જ હરવા ફરવા નીકળી ગયા હતા. વિધાનસભાથી છેક મહાત્મા મંદિર સુધીના સ્વર્ણિમ પાર્કમાં તો જાણે મેળાવડો જામ્યો હોય તેમ વસાહતીઓ ઉમટી પડ્યા હતા. કતારબદ્ધ ઉભેલી બરફ-ગોળા અને શરબતની લારીઓ પર ભારે ભીડ જામી હતી.

ગતરાત્રીએ અનુભવાયેલી ભારે ગરમી બાદ આજે સવારથી જ આકરો તડકો પડવાનો શરૂ થઈ ગયો હતો. આખો દિવસ આકાશમાંથી અગનગોળા વરસતા શહેર જાણે ભઠ્ઠીમાં ફેરવાયુ હતુ. આજે મહત્તમ તાપમાન ૪૨.૫ ડિ.સે. ગરમી નોંધાઈ હતી. આ મોસમમાં બીજી વખત મહત્તમ તાપમાન આટલુ ઉંચુ નોંધાયું હતું. ભારે ગરમી પડતા વાતાવરણમાંથી ભેજનું પ્રમાણ સાવ ઓછુ થઈ ગયુ હતુ. સવારે ભેજ ૩૦ ટકા અને સાંજે ૧૬ ટકા નોંધાયું હતું.

ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ
નિવિદા નં.-૧ / સને ૨૦૧૫-૧૬
ટેન્ડર આઈ ડી : ૧૭૩૯૯૦

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા (ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ) દ્વારા ઈ-ટેન્ડર પદ્ધતિથી ૪ લાખ H2S Sterilized vials "The procurement od of Sterilized H2S vials for the Bacteriological Testing of The Drinking Water - NRDC"ની માન્યતા પ્રાપ્ત ઉત્પાદક પાસેથી ખરીદી કરવાની થાય છે. જેની અંદાજીત કિંમત રૂ. ૭૨ લાખ માટે ભાવો માંગવામાં આવે છે. ટેન્ડર તથા કામને લગતી વિગતો માટે વેબસાઈટ www.gwssb.nprocure.com તથા www.gwssb.com તથા www.statetenders.com પરથી મેળવી / જોઈ શકાશે. ઓનલાઈન ટેન્ડરો તા. ૧૬/૪/૨૦૧૫થી ડાઉનલોડ કરી શકાશે તથા ઓનલાઈન સબમીશનની છેલ્લી તારીખ ૧/૫/૨૦૧૫ છે. પ્રી બીડ તા. ૨૧/૪/૨૦૧૫ને ૧૨-૦૦ કલાકે નીચેના સરનામે રાખેલ છે. આ કામના ટેન્ડરો તા. ૧૧/૫/૨૦૧૫ના રોજ બપોરના ૧૨ કલાકે સંયુક્ત નિયામકશ્રી દ્વારા ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, સેક્ટર-૧૫, ગાંધીનગર ખાતે ખોલવામાં આવશે. કામ અંગેની વધારાની વિગતો માટે ઉક્ત કચેરીએથી મળી શકશે.
ફોન નં. ૦૭૯-૨૩૨૨૩૯૪૧-૪૭
માહિતી/૧૫૦/૧૫-૧૬